## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ




**છાપાવાળા છાપ છાપ કરે છે કે ઠંડી ઘટી... એટલે વાઈફ ચાલુ થઈ જાય છે કે આજ તો નાહી જ લો...!!**

# સરગાસણની કિંમતી જમીન પચાવી પાડવાનો કારસો

## લોનની જગ્યાએ કરોડો રૂપીયાની જમીનનો બાનાખત કરાવતા શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા ગામોની જમીનના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે કરોડો રૂપીયાની જમીન યેનકેન પ્રકારે પચાવી પાડવા માટે ભુમાફિયાઓની નજર પણ આ કિંમતી જમીન પર મંડરાયેલી રહે છે. ત્યારે સરગાસણ ખાતે રહેતા નિવૃત પીઆઈના ભાઈને દારૂ પીવડાવી લોનની જગ્યાએ કરોડો રૂપીયાની જમીનના કાગળો પર સહીઓ અને અંગુઠા કરાવી બનાખત તેમજ પાવર ઓફ એર્ટની કરી ૯ જેટલા વ્યકતિઓએ એકઠા થઈ જમીન વેચી મારતા લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ખાતે રહેતા નિવૃત પીઆઈ અભરાજજી ભલાજી ઠાકોરે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ નોંધાયેલ ફરીયાદ મુજબ તેમને બે ભાઈ અને ત્રણ બહેન છે. સરગાસણ ગામની સીમમાં તેઓની વડીલોપાર્જીત સર્વે નંબર.૪૦૧-૩,૪૦૨,૪૦૬-૧,૪૭૫ ની જમીન છે. આ જમીન ભાઈઓએ ૫૦ ટકા હિસ્સેદારીથી ભાઈઓએ વહેચી લીધી છે. ગાંધીનગર કોર્ટમાં દિનેશ મોંઘાભાઈ ચૌધરીએ દાવો દાખલ કરતા અભરાજજીને જાણ થઈ હતી કે તેમના મોટાભાઈ ભીખાજી ઠાકોરના હિસ્સાની જમીનનો તા.૫ મી જુલાઈ ૨૦૨૦ના રોજ દિનેશ ચૌધરીની તરફેણમાં રૂ.૧૫ લાખ લઈ કબ્જા સિવાયનો બાનાખત અને પાવર ઓફ એર્ટની થઈ ગઈ છે. બાનાખતની અવેજીમાં ચેકના બદલે ૧૦ લાખ રોકડ અને રૂ.૨૫ લાખની પહોંચ પણ બનાવેલી છે.આ અંગે અભરાજજીએ ભીખાજીને પુછતા જાણવા મળ્યું હતું કે એક વર્ષ પહેલા ભાણિયા ગફુરને ઠાકોરને લોનની જરુર હતી. જેથી જીગ્નેશ કનુજી ઠાકોર દ્વારા દિનેશ ચૌધરી સાથે ઓળખાણ થઈ હતી. ત્યારે લોનની ચર્ચા માટે બે વાર સબ રજીસ્ટ્રાર કચેરી સામેની ઝાડીમાં મુલાકાત કરી હતી. ત્યારબાદ ગત તા. ૫ જુલાઈ ૨૦૨૦ ના રોજ જીગ્નેશ ઠાકોર, જયેશ કાળાજી ઠાકોર, ઉમંગ મોદી ઉવારસદ હતા.

જેથી મામા-ભાણીયો તેમને મળવા માટે ગયા હતા. જયાં તેમણે બંનેને દારૂ પીવડાવ્યો હતો. તે સમયે દિનેશ ચૌધરી અન શૈલેશ પરમારે નોટરીના ચોપડા, લખાણ અને કોરા કાગળો લઈ આવ્યા હતા. જેથી લોનના બદલે નશાની હાલતમાં ઉકત કાગળો પર સહીઓ અને અંગુઠા લઈ લીધા હતા. આથી નિવૃત પીઆઈએ વધુ તપાસ કરતા દિનેશ ચૌધરી, શૈલેષ પરમાર, મયુર અશોક પરમાર, પરાગ ગીરીશભાઈ પટેલ, દિલિપસિંહ, અંકુશ ભરવાડ, જીતેન્દ્ર દશરથસિંહ ચાવડા, નોટરી ચિંતન ત્રિવેદી, વકીલ ડાહ્યાલાલ જી.રાવલ સહિતના વ્યકિતઓએ જમીન પચાવી પાડવાનો કારસો ઘડ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ જમીનના કાગળો તૈયાર કરીને ગત તા. ૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજ મહેન્દ્ર રાઠોડ, અનિલ પટેલ, અને ઉત્પલ પટેલને બારોબાર વેચાણ કરી દીધી હતી. જમીન અંગે નિવૃત પીઆઈએ સીટ સમક્ષ ફરીયાદ કરતા તપાસમાં જમીન કૌંભાડ સામે આવતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના જાણીતા બિલ્ડરનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- સંગીતના ક્ષેત્રમાં ગાંધીનગરની આગવી ઓળખ ઉભી કરનાર સંગીતકારનો આખો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખામાં ૬ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.
- એકેડેમીક ઈન્સ્ટીટ્યુશન ઓફ ઈન્ટરનેશનલને લઈ પ્રિ.વાઈબ્રન્ટ સમીટ ૫ અને ૬ જાન્યુઆરીના રોજ સાયન્સ સીટી ખાતે યોજાશે.
- ગાંધીનગરમાં આવેલ સહયોગ સંકુલમાં આજે બપોરે ૩.૨૦એ લાઈટ ડુલ થતાં પાંચમા માળે ચાર વ્યક્તીઓ લીફટમાં ફસાઈ ગઈ હતી. જેને લઈ દોડધામ મચી ગઈ હતી.
- ગળામાં ઈન્ફેક્શનના કેસોમાં વધારો થઈ રહ્યો હોવાથી નગરજનો ચિંતામાં ગરકાવ થયા છે.
- દહેગામમાં તસ્કરો સક્રિય થયા છે અને આ તસ્કરો સીસી ટીવીમાં કેદ થયાના સમાચારોથી દહેગામ વાસીઓએ હવે રાત્રિ જાગરણ કરવાનો નિર્ણય કર્યો હોવાના સમાચારો છે.
- વાઈબ્રન્ટ સમીટને લઈ પોલીસ દ્વારા આજથી પોલીસને તેમના પોઈંટની ફાળવણી શરૂ કરવામાં આવી છે.

## સેકટર-૨૪માંથી ચોરીના એકટીવા સાથે બે યુવકો ઝડપાયા

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખ-૭ કોર્નર પાસેથી ચાર દિવસ અગાઉ એકટીવાની ચોરી થઈ હતી. આ ચોરીના એકટીવા સાથે સેકટર-૨૪ અપનાબજાર બગીચા નજીકથી બે શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે રૂ.૨૫ હજારનું એકટીવા કબ્જે કરી બંન્ને યુવકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે દિગ્વિજયસિંહ ફુલુભા અને દિગ્વિજયસિંહ હરીસિંહને સંયુકત રીતે મળેલી બાતમીને પગલે બે શખ્સોને ચોરીના એકટીવા સાથે સેકટર-૨૪ અપના બજાર નજીક બગીચા પાસેથી પકડી પાડ્યા હતા. નંબર વિનાના એકટીવા સાથે શંકાસ્પદ લાગતા તેમનુ નામ પુછતા રીધમ કિર્તીભાઈ કાપડીયા (રહે. ૨૬૦, વણકરવાસ સરગાસણઃ અમન શંભુકુમારસિંગ રાજપૂત (રહે. સી-૫૦૪ નેનોસીટી-૨ સરગાસણ) એકટીવાના આધાર પુરાવા માંગતા તેઓએ સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. તેમની વધુ પુછપરછ કરતા એકટીવા ગત તા.૩૦ ડિસેમ્બરના રોજ બપોરના સમયે ખ-૭ સર્કલ પાસેથી ચોરી કરી લઈ ગયા હતા.

## નાણા વિભાગની ટીમે સામાન્ય વહીવટની ટીમને હરાવી

૧-૧-૨૦૨૨ના રોજ સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે નોકઆઉટ મેચ રમાઈ હતી. ૨૦-૨૦ ઓવરની આ મેચમાં સામાન્ય વહીવટ વિભાગે ટોસ જીતીને પ્રથમ બેટીંગ લીધી હતી. સામાન્ય વહીવટ વિભાગે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૪ રન બનાવ્યા હતા જેમાં અજય પટેલના ૫૧ બોલમાં ૬૮ અને સુહાગભાઈના ૨૨ બોલમાં ૨૩ રન મુખ્ય હતા. નાણા વિભાગ તરફથી કેપ્ટન સંદિપસિંહ ચાવડાએ ૪ ઓવરમાં ૧ મેડન ઓવર નાખી ૧૯ રન આપી ત્રણ વિકેટ જ્યારે વાઈસ કેપ્ટન રમેશભાઈ ચૌધરીએ ૪ ઓવરમાં ૧૧ રન આપી બે વિકેટ, અંકુર કોડિયાતરે ૪ ઓવરમાં ૩૮ રન આપી ૩ વિકેટ અને ભરત ચૌધરીએ ૧ વિકેટ ઝડપી હતી. જવાબમાં નાણા વિભાગની ટીમે ૧૮.૪ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી ૧૪૫ રન બનાવી વિજય મેળવ્યો હતો. નાણા વિભાગ તરફથી મેન ઓફ ધી મેચ નારાયણ ઢુસાએ ૨૮ બોલમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે અણનમ ૫૦ રન નોંધાવ્યા હતા, જ્યારે અંકુર કોડિયાતરે ૨૨ રન તથા વૈભવ મોડે ૧૮ રન બનાવ્યા. સામાન્ય વહીવટ વિભાગ તરફથી પ્રેરક પટેલ અને દીપ પટેલે ૨-૨ વિકેટ મેળવી હતી. આ જીત સાથે નાણા વિભાગની ટીમે સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધાની સુપર આઠના લીગ રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે.

## સેકટર-૭ માં ચોરીના ઈરાદે ઘરમાં આવેલા શખ્સને મહિલાએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૭ એ ખાતે ઘરમાં ચોરીના ઈરાદે ઘુસેલા શખ્સને મહિલાએ હિંમતપૂર્વક ઝડપી પાડી પોલીસને સોંપી દીધો હતો. પોલીસે શખ્સ સામે ગુનો નોંધી વધુ પુછપરછ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ એ પ્લોટ નં.૨૫૩-૨ માં હાલ સરગાસણ મારૂતિ આમ્રકુંજ ફલેટમાં રહેતા તરૂણકુમાર આત્મારામ પરમાર પાલનપુર ખાતે એસબીઆઈ બેંક ખાતે બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમના પરિવારમાં પત્ની અનામિકા, પુત્ર ઝેનીથ (ઉં.૨૨) અને સુહાન (ઉં.૧૪) છે. ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના સુમારે તેમની પત્ની અને બંન્ને પુત્રો સેકટર-૭ મકાન ખાતે હતા. તરૂણભાઈના બંન્ને દિકરા વાંચન માટે ઉપરના માળે ગયા હતા. જયારે અનામિકાબેન રસોડામાં રસોઈ બનાવતા હતા. તે સમયે ઘરનો દરવાજો ખુલ્લો હતો. જેનો લાભ ઉઠાવી અજાણ્યો શખ્સ ઘરમાં અંદર પ્રવેશી ગયો હતો. શખ્સે ચોરીના ઈરાદે ઘરમાં શોધખોળ આદરી હતી. તે સમયે અનામિકા બેન દિકરાઓને જમવા માટે બોલાવવા માટે જઈ રહ્યા હતા. ત્યારે ડ્રોઈંગ રૂમમાં અજાણ્યા શખ્સને શોધખોળ કરતા જોઈને અનામિકા બેન ગભરાઈ ગયા હતા. પરંતુ તેઓને જોઈને શખ્સ ભાગવા લાગ્યો હતો. જેથી અનામિકા બેને હિંમત કરી શખ્સને પકડી પાડી બુમાબુમ કરતા દિકરાઓ તેમજ આસપાસના વસાહતીઓ પણ આવી ગયા હતા. અજાણ્યા શખ્સને તેઓએ પકડી પાડ્યો હતો. આ શખ્સને તેનુ નામ પુછતા તેણે મોહમદ શાહિદ ઈમરાન અહેમદ શેખ (રહે. રેવડી બજાર ફુટપાથ અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. સેકટર-૭ પોલીસે શખ્સ સામે ગુનો નોંધી વધુ પુછતાછ શરુ કરી છે.



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત અભિનવ પ્રયોગ 'દાસ્તાનગોઈ'ને અભૂતપૂર્વ સફળતા.. કાર્યક્રમમાં અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા, રમતગમત, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નાયબ સચિવ એસ. કે. હુડ્ડા, મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, કવિ હરદ્વાર ગોસ્વામી અને કવિ હિતેન આનંદપરા ઉપસ્થિત રહ્યા. પ્રતાપ સચદેવ, સેજલ પોન્ડા, પ્રીતા પંડ્યા, અલ્પેશ દીક્ષિત, અને હેમાંગ વ્યાસના અદભુત અભિનયે જુદી જ અનુભૂતિ કરાવી. તેમાંય ચુનીલાલ મડિયાની વાર્તા 'અમ્બા ગોરાણીનો પ્રભુડો' અને ધૂમકેતુની 'પોસ્ટ ઓફીસ'ની સબળ રજુઆતે સૌની આંખોના ખૂણા ભીંજવી દીધા હતા. ગાંધીનગરના સાહિત્યપ્રેમીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. આ પ્રસંગે કવિ હરદ્વાર ગોસ્વામીના પુસ્તક 'ભારતના ૭૫ ગીત સંગીતના રત્નો' નું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન કવિ હિતેન આનંદપરાએ કર્યું હતું.

**નામ બદલેલ છે**

મારા સગીર પુત્રનું જુનું નામ કિશન સંજયભાઈ માલસત્તર હતું. જે બદલીને મારા પુત્રનું નવું નામ કિશન સંજયભાઈ સોરઠીયા રાખેલ છે.

સરનામું : બી-૭૦૩, બાલમુકુંદ હાઈટ, કુડાસણ, તા.જી.ગાંધીનગર.

**જાહેર નિવિદા**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા જૂના બિન ઉપયોગી (૧) ૧૬ એમ એમ પ્રોજેક્ટર, પોર્ટેબલ જનરેટર (૨) વપરાયેલ વીએચએસ કેસેટ, સીડી-ડીવીડી, પ્રિન્ટર કાર્ટિઝ, કે.યુ. બેન્ડ ડીશ તથા અન્ય ભંગારના નિકાલ માટે ભાવો મંગાવવામાં આવે છે. જે બાબતે વર્કશોપ શાખા, ઈલેક્ટ્રોનિક્સ મિડિયા ભવન, માહિતી નિયામકની કચેરી, સેક્ટર-૧૬, ગાંધીનગરનો તા. ૧૮/૧/૨૦૨૨ સુધી રૂબરૂ માલસામાન જોઈ આપના ભાવો બંધ કવરમાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

માહિતી/૧૮૯૧/૨૧-૨૨ માહિતી નિયામક

**જાહેર હરાજી**

માહિતી નિયામકશ્રીની કચેરી, સેક્ટર-૧૬, ગાંધીનગર હસ્તકના વાહન નંબર GJ-18-G 2112 ટાટા ઈન્ડીકા અને જિલ્લા માહિતી કચેરી, સહયોગ સંકુલ, સી બ્લોક, બીજો માળ, ગાંધીનગર હસ્તકના વાહન નંબર GJ-18-G 2046 ટાટા સુમોના નિકાલ માટે જાહેર હરાજી તા. ૧૭/૧/૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાખેલ છે. વાહન જે તે કચેરી ખાતે જાહેર રજાના દિવસો સિવાય કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧ કલાકથી સાંજે ૪ કલાક સુધી જોવા મળશે. રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા)નો ડી.ડી. "Director of Information Gandhinagar"ના નામનો તા. ૧૭/૧/૨૦૨૨ના રોજ ૧૧-૩૦ સુધીમાં માહિતી નિયામકશ્રીની કચેરી, ઈલેક્ટ્રોનિક્સ મિડિયા ભવન, સેક્ટર-૧૬, વર્કશોપ શાખા ખાતે જમા કરાવવાનો રહેશે. બંને વાહનોની બોલી અલગથી બોલવાની રહેશે. અન્ય શરતો હરાજી સમયે જણાવવામાં આવશે. કોઈપણ ઓફર સ્વીકારવી કે નકારવી તે અંગેનો માહિતી નિયામકશ્રીનો અધિકાર અબાધિત રહેશે.

માહિતી નિયામક
ગાંધીનગર

માહિતી/૧૮૯૦/૨૧-૨૨

